| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |


**તા.૦૧/૦૭/૨૦૨૩  શનિવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-  સમાચાર યાદી નં.૧૦૬૧/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૦ કેસ કરી, ૨૦ વ્યક્તિઓને ઝડપી, ૬૮ લીટર દેશી દારૂ, ૫ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૩ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૩ કેસ કરી, ૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૭૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-  સમાચાર યાદી નં.૧૦૬૨/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૧૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ-  સમાચાર યાદી નં.૧૦૬૩/૨૦૨૩

**વસ્ત્રાપુરઃ** વિશાલભાઇ હેમેન્દ્રભાઇ શાહ (ઉ.વ.૪૯)(રહે.કલ્પતરૂ બંગલોઝ વાય.એમ.સી.એ. ક્લબ થી સોલા તરફ જવાનો રસ્તો મહંમદપુરા) એ તા.૩૦/૦૬/૨૦૨૩ ના રોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે જુન/૨૦૨૨ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન વસ્ત્રાપુર મેનેજમેન્ટ એન્કલેવ પાસે, રીજેન્સી ટાવરની સામે, મેઘધનુષ કોમ્પલેક્ષ ગ્રાઉન્ડ ફ્લોર તથા ફર્સ્ટ ફલોર દુકાન નં.૪,૫,૬ ખાતે આરોપી (૧) હરકેશકુમાર રાજપાલ (ડાયરેક્ટરઃ મોર ઇઝી સ્ટોર્સ પ્રા.લી.) (ઇ-ઝેડ-૫૦૬ પાંચમો માળ, એસ.આર.ટાવર સેક્ટર-૩૧ મથુરા રોડ ફરીદાબાદ હરીયાણા) તથા (૨) જોયલ ક્રીસ્ટી (બ્રોકર) (રહે.અલ્પલાઇન વુડ ગોકુલ ધામ પાછળ સનાથલ શાંતીપુરા ચોકડી ઉલારીયા સરખેજ સાણંદ રોડ) એ ભેગામળી “મોર ઇઝી સ્ટોર્સ પ્રા.લિ નામની કંપનીની ફ્રેન્ચાઈઝી લઇ “મી સ્ટોર્સ” નામના સ્ટોર્સમાં ઇન્વેસ્ટ કરવાનુ તથા વસ્ત્રાપુર ખાતે આવેલ મેઘધનુષ કોમ્પ્લેક્ષની ગ્રાઉન્ડ ફલોર ઉપરની દુકાન નં- ૪,૫,૬ તથા ફર્સ્ટ ફલોર ઉપરની દુકાન નં-૪,૫,૬ માં ચાલુ કરવાનુ જણાવી, વિશાલભાઇ ને ઇન્વેસ્ટ રકમ ઉપર દર મહિને ૨% જેટલો નફો આપવાની લાલચ આપી, વિશાલભાઇ પાસેથી દુકાનોમાં સ્ટોર્સ ચલાવવા એ.સી વિગેરે સરસામાન લગાડવા માટેના રૂપિયા ૭૮,૦૦,૦૦૦/- તથા ફ્રેન્ચાઇઝી ફી પેટે રૂપિયા ૪,૭૨,૦૦૦/- મળી કુલ રૂપિયા ૮૨,૭૨,૦૦૦/- તથા સ્ટોર્સ માટે દુકાનો ભાડેથી રાખવાની ડીપોઝીટ પેટે રૂપિયા ૬,૫૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૮૯,૨૨,૦૦૦/- મેળવી લઇ, નોટરાઇઝ એગ્રીમેંટ કરી આપી, સ્ટોર્સ ચાલુ નહી કરી, વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એમ.ગોહીલ ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૦૬૪/૨૦૨૩**

**ઓઢવઃ** આશીષભાઇ લાલભાઈ પટેલ (ઉ.વ.૩૪)(રહે.મુખીની ખડકી ઓઢવ ગામ ઓઢવ) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૯/૦૬/૨૦૨૩ રાતના ૮/૦૦ થી તા.૩૦/૦૬/૨૦૨૩ સવારના ૫/૧૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન ઓઢવ રીંગ રોડ અક્ષર પરસોત્તમનગર સોસાયટી સામે બ્રીજ નીચે પાર્ક કરેલ પોતાની ટાટા મોર્ટસ કંપનીની આઇસર ગાડી નંબર જીજે.૧૮.એટી.૮૩૮૦ કિંમત રૂપિયા ૨,૦૦,૦૦૦/- જેમાં માલ ભરેલ લોખંડ કિંમત રૂપિયા ૪,૫૫,૭૯૬/- સાથે અજાણી વ્યક્તિ આઇશર ગાડી ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એ.હરકટ ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૦૬૫/૨૦૨૩**

**"એસ જી હાઈવે-૨" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** હેતલબહેન અમીતભાઈ પ્રજાપતિ (ઉ.વ.૨૭) (રહે. હીરાનગર સોસાયટી નવા વણઝર સરખેજ) તા.૩૦/૦૬/૨૦૨૩ કલાક ૦૦/૩૦ વાગ્યાના સુમારે એસ.જી.હાઈવે ઉજાલા સર્કલ, વન સેન્ટર મોલ નજીક પતિ સાથે મોટર સાયકલ પાછળ બેસી પોતાના બે વર્ષના પુત્રને સાથે લઈ પસાર થઈ રહ્યા હતા ત્યારે આયસર ગાડી નંબર જીજે.૦૧.સીવી.૮૫૬૯ ના ચાલકે આયસર પુરઝડપે અને બેદરકારીથી ચલાવી મોટર સાયકલને ટક્કર મારતા, હેતલબહેન અને અમીતભાઈને ગંભીર ઇજાઓ થતા હેતલબહેનનું સ્થળ ઉપર જ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગેની ફરીયાદ કરશનભાઈ પ્રજાપતિ એ "એસ.જી.હાઈવે-૨" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વી.બી.દેસાઈ ચલાવે છે.

**શેડ ઉપરથી પડી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૦૬૬/૨૦૨૩**

**નરોડાઃ** જીતેન્દ્રકુમાર જેઠાભાઈ પટેલ (ઉ.વ.૪૭) (રહે.પાર્થ અવેન્યુ નારાયણી સ્કુલની બાજુમાં કૃષ્ણનગર) તા.૩૦/૦૬/૨૦૨૩ સવારના ૧૦/૩૦ વાગ્યાના સુમારે નરોડા જીઆઈડીસી ગેટ નંબર-૫ ફેઝ-૧ પ્લોટ નં-૩૦૨ ખાતે સિમેન્ટનો શેડ રીપેરીંગ કરતા હતા ત્યારે પતરૂં તુટી જતા નીચે પડતા ગંભીર ઇજાઓ થતા તેમનું મૃત્યું નિપજ્યું હતું. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી સિધ્ધરાજસિંહ જશુજી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી